દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેજીન

## 24 February to 2 March 2018



તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

**Paresh Chavda**

EduSafar

# કરંટ અફેર્સ, તારીખ ૨૪/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### બિહારમાં પાણીની આપૂર્તિ માટે એ.ડી.બી.અને ભારત વચ્ચે ૮૪ લાખ ડોલરની સમજુતી કરવામાં આવી.

બિહારના ભાગલપુર જિલામાં પાણીની આપૂર્તિ માટે ઉપરોક્ત કરાર કરવામાં આવેલ છે.

આ લોન ઉપરાંત બિહાર શહેરી વિકાસ રોકાણ કાર્યક્રમ માટે ૨૦૦ મીલીયન અમેરિકન ડોલર અન્ય સુવિધાઓ માટે અને અનાજ આપૂર્તિ માટેનો હિસ્સો છે.

આ રકમને એડીબી દ્વારા વર્ષ ૨૦૧૨ માં અનુમોદિત કરેલ.

હાલ કરાર થયા તે લોનની સમય મર્યાદા ૨૫ વર્ષની હશે.

જેમાં પાંચ વર્ષની સામાન્ય અવધી સામેલ છે, એક વાર્ષિક વ્યાજદર લંડન ઈન્ટર બેંકના દર પ્રમાણે ગણાશે.

## આંતરરાષ્ટ્રીય

### કેનેડાના આંતરરાષ્ટ્રીય વિકાસ સંશોધન કેન્દ્ર (આઈ.ડી.આર.સી.) સાથે ભારતે સમજુતી કરાર કર્યા.

ભારત સરકાર અને કેનેડાના આંતરરાષ્ટ્રીય વિકાસ સંશોધન કેન્દ્ર વચ્ચે એક સમજુતી કરાર કરવામાં આવ્યા છે.

આ કરાર ભારતની રાજધાની દિલ્હી શહેરમાં કરવમાં આવેલ છે.

વર્તમાન અને ભવિષ્યની વૈશ્વિક અને સ્થાનીય વિકાસ સંબધી સમસ્યાઓને સંબોધિત કરવામાં કાર્યક્રમ આધારિત અનુસંધાન સહાયતા શરુ કરવા માટે આ સમજુતી કરાર કરવામાં આવ્યા છે.

આઈ.ડી.આર.સી.એ સંસ્થાનો શોધકર્તાઓ અને બિન સરકારી સંગઠનોના માધ્યમથી ભારતમાં ચાલનાર ૫૫૧ સંશોધન ગતિવિધિઓને ૧૫૯ મીલીયનનું નાણાકીય પીઠબળ આપવામાં આવેલ છે.

છેલ્લા પાંચ વર્ષમાં ૫૧ મીલીયન ડોલરની સહાયતાથી ૯૬ સંશોધન પરિયોજનાઓને ભારતમાં આઈ.ડી.આર.સી. દ્વારા નાણાકીય સહાયતા કરવામાં આવેલ

## રમત-જગત

### વિજય હજારે ટ્રોફીમાં દિલ્હીને હરાવી આંધ્રપ્રદેશ સેમી ફાઈનલમાં પહોંચ્યું .

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આંધ્રપ્રદેશે દિલ્હીને છ વિકેટે હરાવી વિજય હજારે ટુર્નામેન્ટની સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

પાલ્મ મેદાન પર રમાયેલી અન્ય એક ક્વાર્ટર ફાઈનલ મેચમાં દિલ્હી ને આંધ્રપ્રદેશ વચ્ચે રમાયેલ.

આ મેચમાં દિલ્હીની ટીમે પ્રથમ દાવ લઈ ૩૨.૧ ઓવરમાં ફક્ત ૧૧૧ રનમાં ઓલ આઉટ થઇ ગઈ હતી.

આમાં રિષભ પંતે ૩૮ રન ફટકાર્યા હતા, સામે પક્ષે આંધ્રપ્રદેશે જીતવા માટે ૧૧૨ રણ બનવવાના હતા, જે બનાવવામાં તેને સફળતા મળી હતી.

૨૫ મી ફેબ્રુઆરીના રોજ આંધ્રપ્રદેશની ટીમ સેમી ફાઈનલ માટે સૌરાષ્ટ્રની ટીમ સામે રમશે.

## અન્ય

### મનોહર પરીકરે ૧૭,૧૨૩ કરોડ રૂપિયાનું ગોવાનું બજેટ રજૂ કર્યું.

ગોવાના મુખ્યમંત્રી શ્રી મનોહર પરીકરે રાજ્ય વિધાનસભામાં વર્ષ ૨૦૧૮-૧૯ માટેનું રાજ્ય બજેટ જાહેર કરેલ છે.

૧૭,૧૨૩ કરોડ રૂપિયાનું આ બજેટમાં ચાલુ વર્ષે ૬.૮૪ ટકાની વૃદ્ધિ થઇ છે.

સમગ્ર બજેટ શિક્ષા અને નૌકરી સર્જન પર કેન્દ્રિત કરવામાં આવેલ છે.

ગોવાના ગર્વનર તરીકે મૃદુલા સિંહા સેવા આપી રહ્યા છે.

ભગવાન મહાવીર (મોલ્લેમ) રાષ્ટ્રીય ઉદ્યાન ગોવામાં આવેલ છે.

## સમીક્ષા, તારીખ ૨૪/૦૨/૨૦૧૮

### હરિયાણામાં પરિવર્તન યોજનાની શરૂઆત કરવામાં આવી...

હરિયાણા સરકારે રાજ્યના ૪૬ વિકાસશીલ બ્લોકમાં સ્વચ્છતા અને પ્રદુષણ સહીત ૧૦ મુદ્દાઓ પર કાર્ય કરવા માટે એક યોજના શરુ કરવામાં આવી છે.

આ યોજના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર દ્વારા શરુ કરવામાં આવેલ છે.

૧૦ મુદ્દાઓમાં વિતપોષણની સુવિધા કૃષિને લાભદાયક અને ટકાઉ વિકાસ સ્વાસ્થ્ય સેવાઓમાં સુધારો વગેરે ધ્યાને લેવાશે.

આ યોજના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આ યોજનામાં રાજ્યના વિકાસ માટેના તમામ મુદ્દાઓને ધ્યાન પર લેવામાં આવશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

સુલ્તાનપુર નેશનલ પાર્ક અને કાલેસર નેશનલ પાર્ક હરિયાણામાં સ્થિત છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૫/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

**ભારતે ધનુષ બૈલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.**

ભારતે ઓડીશાના કિનારે એક નૌસેના જહાજથી પરમાણુ ક્ષમતા યુક્ત ધનુષ બૈલાસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરેલ છે.

આ મિસાઈલની મારક ક્ષમતા ૩૫૦ કિલોમીટર છે.

આ મિસાઈલ રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.

ધનુષ મિસાઈલ ૫૦૦ કિલોગ્રામનો પે લોડ લઈ જવા માટે સક્ષમ છે.

વળી આ મિસાઈલ સમુદ્ર અને જમીન બંને પર લક્ષ્યને ભેદવા માટે સક્ષમ છે.

### આંતરરાષ્ટ્રીય

**ભારત માર્ચ ૨૦૧૮ માં પ્રથમ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની મેજબાની કરશે.**

ભારત ૧૧ માર્ચ ૨૦૧૮ ના રોજ પ્રથમ આંતર્રાષ્ટ્રીય સૌર ગઠબંધન શિખર સંમેલનની મેજબાની કરશે.

આ સંમેલનમાં ફ્રાન્સીસ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને સયુંકત રાષ્ટ્રના મહા સચિવ એન્ટોનિયો ગુટરસે સામેલ થશે.

શિખર સંમેલન દિલ્હી ખાતે આયોજિત કરવામાં આવશે.

આઈ.એસ.એ.એ શિખર સંમેલન દરમિયાન ૧૨૧ પરિયોજના શરુ કરવાનું લક્ષ્ય રખાશે.

શિખર સંમેલન દરમિયાન બે નવા કાર્યક્રમોનું ઉદ્ઘાટન કરવામાં આવશે,તેમાં સ્કેલીંગ સૌર અને ઈ-મીબીલીટી એન્ડ સ્ટોરેઝ અને રૂફટોપ સોલારના હશે.

### રમત-જગત

**ક્રિકેટ કેનેડાએ આઈ.સી.સી.ની સ્વીકૃતિ ટી-૨૦ લીગનો ખુલાસો કર્યો.**

કેનેડાની પોતાની પહેલી ફ્રેન્ચાઈઝી આધારિત ટવેન્ટી-૨૦ લીગ ગ્લોબલ ટી ૨૦ કેનેડા,નવી દિલ્હીમાં જાહેર કરવામાં આવી છે.

વૈશ્વિક ટી -૨૦ કેનેડા લીગ જુલાઈ ૨૦૧૮ થી ટોરેન્ટોના ત્રણ સ્થાનો પર કામ કરવાનું

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

શરુ કરી દેશે.

આ ક્રિકેટ કેનેડા સાથે મરકરી સમૂહ દ્વારા ડીઝાઇન,વિકસિત અને પ્રબંધિત કરવામાં આવેલ છે.

ગ્લોબલ ટી-૨૦ કેનેડા લીગને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની આધિકારિક મંજુરી મળેલ છે.

ક્રિકેટ કેનેડા ઉત્તરી અમેરિકાના બજારમાં ટી-૨૦ ફ્રેન્ચાઇઝી લીગ શરુ કરવા માટે આઈ.સી.સી. ના પ્રથમ સહયોગી સદસ્ય બનેલ છે.

## અન્ય

### ભારતનું પ્રથમ ૫-જી પરીક્ષણ સફળ રહ્યું, ૩જીબીપ્રતિ સેકંડની સ્પીડ હાંસલ થઇ.

ચીની પ્રાધ્યોગીકીના પ્રમુખ હુવેઈ અને દુર સંચાર સેવા પ્રદાતા ભારતી એયરટેલએ ભારતમાં પરીક્ષણ સેટ અપ અંતર્ગત ૫-જી નેટવર્ક સફળતાપૂર્વક ચલાવવાની જાહેરાત કરી છે.

આ પરીક્ષણ માનસેરના એયરટેલના નેટવર્ક અનુભવ કેન્દ્ર (ગુરુગ્રામ)માં આયોજિત કરાયેલ.

ટેસ્ટ ટ્રાયલ દરમિયાન ૩-જી.બી.પી.એસ.થી વધારે સ્પીડ હાંસલ થયેલ.

આ ૩.૫.જી.એચ.ઝેડ.બેન્ડમાં એક મોબાઈલ નેટવર્ક માટે ૧૦૦ એમ.એચ.ઝેડ. બેંડવિડ્થ અને લગભગ ૧ એમ.એસ.ઈ.સી. ના એન્ડ-ટુ એન્ડ નેટવર્ક સાથે માપવામાં આવેલ.

## સમીક્ષા,તારીખ ૨૫/૦૨/૨૦૧૮

### અસમ ૨૨ સપ્ટેમ્બરના રોજ રાઈનો ડે મનાવશે...

ભારતનું ઉત્તરપૂર્વ વિસ્તારનું અસમ રાજ્ય આગામી ૨૨ મી સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ રાઈનો ડે મનાવશે.

આ દિવસ એકશીંગી ગેંડાઓ માટે જાગૃતિ લાવવા માટે મનાવાશે.

તેનાથી ગેંડાની સુરક્ષાને વધારવા માટેની મદદ મળી શકશે.

રાષ્ટ્રીય રાઈનો પ્રોજેક્ટની સાથે એક રાજ્ય રાઈનો પરિયોજના જલ્દીથી ગેરકાયદેસર શિકારથી બચવા માટે લોન્ચ કરાશે.

અસમના મુખ્યમંત્રી તરીકે સરબાનંદ સોનોવાલ છે, ગવર્નર તરીએ જગદીશ મુખી સેવા

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આપી રહ્યા છે.

માનસ નેશનલ પાર્ક અથવા માનસ વન્યજીવ અભયારણ્ય અસમમાં આવેલ છે.

આ સ્થળને યુનેસ્કોના વૈશ્વિક ધરોહરમાં પણ સામેલ કરવામ આવેલ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૬/૦૨/૨૦૧૮

## રાષ્ટ્રીય

### મધ્યપ્રદેશમાં ૪૪ મો ખજુરાહો નૃત્ય મહોત્સવ આયોજિત કરાયો.

ખજુરાહો નૃત્ય મહોત્સવ ૨૦૧૮ નું આયોજન મધ્યપ્રદેશમાં થયેલ છે.

આ વર્ષનું આ ઉત્સવનું ૪૪ મુ સંસ્કરણ છે,જેનું આયોજન ખજુરાહો મંદિરમાં કરવામાં આવેલ છે.

આ મહોત્સવનું ઉદ્ઘાટન મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવેલ.

આ મહોત્સવનું મૂળ આયોજન રાજ્ય સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવેલ.

આ મહોત્સવમાં વિભિન્ન રાજ્યોના શાસ્ત્રીય નૃત્યો પ્રદર્શિત કરવામાં આવે છે.

આ મહોત્સવનું આયોજન છ દિવસ માટે કરવામાં આવે છે.

## આંતરરાષ્ટ્રીય

### ભારત અને જર્મની વચ્ચે શહેરી વિકાસને વધારવા માટે સમજુતી કરાર કરવામાં આવ્યા.

૨૩ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ સ્માર્ટ શહેરો તથા ટકાઉં શહેરી વિકાસ કાર્યક્રમમાં તકનીકી સહયોગ માટે એક સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

આવાસ અને શહેરી વિકાસ રાજ્યમંત્રી હરદીપ સિંહ પૂરી અને ભારતમાં જર્મનીના રાજદૂત ડોક્ટર માર્ટિન આ અવસર પર ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકારના આવાસ અને શહેરી વિકાસ મંત્રાલયમાં અપર સચિવ રંજનમિશ્ર તથા જર્મનીના સસ્ટેનેબલ અર્બન એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ડ્યુશ તાતાહા અન્ય તરફથી હસ્તાક્ષર કરવામાં આવેલ.

આ કાર્યક્રમનો ઉદેશ્ય પસંદ કરાયેલા સ્માર્ટ શહેરોમાં બુનિયાદી સેવાઓમાં સુધારો લાવવાનો છે.

EduSafar

આ પરિયોજનાની અવધી વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ રહેશે.

## રમત-જગત

### પરુપલ્લી કશ્યપે ઓસ્ટ્રેલીયાઈ ઓપનનો ખિતાબ જીત્યો.

રાષ્ટ્રમંડળ રમતોના વિજેતા પરુંપલ્લી કશ્યપે મલેશિયાના જુન વી ચામને પુરુષ એકલ ફાઈનલમાં હરાવેલ છે.

આ જીતથી તેઓએ ઓસ્ટ્રિયાઈ ઓપન ઇન્ટરનેશનલ ચૈલેંજ ખિતાબ જીતી લીધેલ છે.

આ તેઓનો ત્રણ વર્ષમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય ખિતાબ છે.

ભારતીય ટુર્નામેન્ટ દરમિયાન તેઓ સારું પ્રદર્શન કરી રહ્યા હતા.

આ પ્રદર્શનમાં તેઓએ એકપણ મેચ છોડી ન હતી, કારણ કે તેનું લક્ષ્ય આ ખિતાબ જીતવાનું હતું.

## અન્ય

નોન બેંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓ માટે આર.બી.આઈ.એ લોકપાલ યોજના શરુ કરી.

ભારતીય રીઝર્વ બેંકે નોન બેક્રીંગ ફાયનાન્સિયલ કંપનીઓ માટે તેમના વિરુદ્ધ ફરિયાદોના નિવારણ માટે લોકપાલ યોજના શરુ કરેલ છે.

આ યોજના એન.બી.એફ.સી.દ્વારા સેવાઓમાં ઘટાડાના સંબંધમાં એક ખર્ચ સાથે તરત ફરિયાદ નિવારણ તંત્ર પ્રદાન કરશે.

આ યોજનાથી તમામ જમા લેવા વાળી એન.બી.એફ.સી.ને કવર કરવામાં આવશે.

એન.એફ.બી.સી.કાર્યાલય હાલ દેશના ચાર મોટા મેટ્રો શહેરોમાં શરુ કરાશે.

તેમાં નવી દિલ્હી, મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈનો સમાવેશ થાય છે.

## સમીક્ષા, તારીખ ૨૬/૦૨/૨૦૧૮

### બોલીવુડ અભિનેત્રી શ્રીદેવીનું અવસાન...

બોલીવુડના જાણીતા સિનેતારિકા શ્રી દેવીનું ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ અવસાન થયેલ છે.

તેણીની કારકિર્દી ચાર દશક સુધી લગાતાર ચાલેલ.

તેઓ ૫૪ વર્ષની વયના હતા, તેમણે ઘણી સારી ફિલ્મો આપેલ.

દુબઈમાં હાર્ટ એટેકના કારણે તેણીનું અવસાન થયેલ છે.

તેણી હોમ પ્રોડક્શન 'જુદાઈ' માં પોતાના બ્રધર ઈન લો અનિલકપૂર અને ઉર્મિલા

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

માતોડકર સાથે અભિનય કર્યા બાદ ૧૫ વર્ષ સુધી કેમેરાથી દુર રહ્યા હતા.

તેણીએ વર્ષ ૨૦૧૨ માં ગૌરીશિંદેની નિર્દેશિત 'ઈંગ્લીશ-વિંગ્લીશ' ફિલ્મ સાથે પરત કાર્ય શરુ કરેલ.

તેમની જાણીતી ફિલ્મોમાં નાગિન, ચાંદની અને જુદાઈ રહેવા પામેલ.

## કરંટ અફેર્સ, તારીખ ૨૭/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

**પ્રધાનમંત્રીએ ચેન્નાઈમાં અમ્મા ટુ-વ્હીલર યોજનાની શરૂઆત કરી.**

દેશના વડાપ્રધાનશ્રીએ તમિલનાડુમાં પૂર્વ મુખ્યમંત્રી જયલલીતાની જયંતી સાથે રાજ્ય સરકારના અમ્મા ટુ-વ્હીલર યોજનાનો શુભારંભ કરેલ છે.

આ યોજનાનું લક્ષ્ય કામ કરનાર મહિલાઓની આજીવિકા વધારવાનું છે.

મહિલાઓ ટ્રાન્સજેન્ડર તથા વિભિન્ન રૂપથી દિવ્યાંગ વ્યક્તિઓને સબસીડી વાળા ટુ-વ્હીલર પ્રદાન કરવાનો હેતુ પણ રહેલ છે.

આ યોજનામાં લગભગ ૨૩૦૦૦ લાભાર્થીઓએ લાભ નોંધણી કરાવેલ છે.

આ વાહન ૫૦ ટકા રોકાણથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે પલાનીસ્વામી સેવા આપી રહ્યા છે.

### આંતરરાષ્ટ્રીય

**અંદમાન અને નિકોબાર કમાંડ મિલન-૨૦૧૮ ની મેજબાની કરશે.**

માર્ચના બીજા સપ્તાહમાં અંદમાન નિકોબાર કમાંડ એક બહુરાષ્ટ્રીય મેગા ઈવેન્ટ મિલન - ૨૦૧૮ ની મેજબાની કરશે.

મિલન અંદમાન નિકોબાર દ્વીપ સમૂહમાં ભારતીય નૌસેના દ્વારા દ્વિવાર્ષિક આયોજિત સમુદ્રી નૌસેનાની એક મંડળી છે.

આ વર્ષના મિલન ઈન્ટરનેશનલ મૈરીટાઈમ સેમીનારનો વિષય ઇન પેરેશ્યુટ ઓફ મેરીટાઈમ ગુડ ઓર્ડર નીડ ફોર ક્મ્પ્રીહેન્સીવ ઇન્ફોર્મેશન શેરીંગ એપ્પરટસ રખાયો છે.

મિલનમાં વિવિધ કાર્યક્રમોનું એક સંમિશ્રણ જોવા મળશે.

આ કાર્યક્રમથી વિવિધ વિચારધારાને વેગ મળવાની આશા સેવાઈ રહી છે.

### રમત-જગત

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## અરુણા બુધ્ધા રેડ્ડી જિમ્નાસ્ટિક વિશ્વકપમાં વ્યક્તિગત મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે.

અરુણા બુધ્ધા રેડ્ડીએ મેલબોર્નમાં ઓસ્ટ્રેલીયામાં જીમ્નાસ્ટીક્સ વિશ્વકપમાં વ્યક્તિગત પદક જીતનાર પ્રથમ ભારતીય બનીને ઈતિહાસ રચેલ છે.

તેણીએ વુમેન વોલ્ટમાં કાંસ્યપદક જીતી લીધેલ છે.

હૈદરાબાદના અરુણાએ ત્રીજા સ્થાન પર ૧૩.૬૪૯ પોઈન્ટ અને હિસેન્સ એરીના માં કાંસ્યપદક જીતી લીધેલ છે.

સ્લોવેનિયાના તજા કૈસલેફે સુવર્ણપદક પ્રાપ્ત કરેલ છે.

જયારે ઓસ્ટ્રેલીયાના એમિલી વ્હાઈટહેડે રજતપદક જીતેલ છે.

## અન્ય

## દેશના પ્રધાનમંત્રીએ સુરતમાં 'રન ફોર ન્યુ ઈન્ડિયા'મૈરથોનને લીલીઝંડી દેખાડી.

દેશના પ્રધાનમંત્રીએ ગુજરાતના સુરત ખાતે આયોજિત થયેલ 'રન ફોર ન્યુ ઈન્ડિયા'મૈરેથોનને લીલીઝંડી આપેલ.

આ મૈરોથોનનો ઉદેશ્ય સામાજિક અને અન્ય બાબતો પ્રત્યે જાગરૂકતા પેદા કરવાનો હતો.

તમામને ન્યુ ઈન્ડિયા બનાવવા માટેનું અહવાન કરવાનો પણ ઉદેશ્ય રાખવામાં આવેલ.

મૈરેથોનની ચાર શ્રેણીઓ તૈયાર કરવામાં આવેલ, તેમાં ૧.૫૦. લાખ દોડવીરોએ ભાગ લીધેલ.

આ કાર્યક્રમ સુરત નાગરિક સમિતિ દ્વારા આયોજિત કરવામાં આવેલ.

# સમીક્ષા, તારીખ ૨૭/૦૨/૨૦૧૮

## ડી.આર.ડી.ઓ.એ સફળતાપૂર્વક રુસ્તમ-૨ ડ્રોનની ઉડાન ભરી...

ડીફેન્સ રીસર્સ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને કર્ણાટકમાં સફળતાપૂર્વક પોતાના માનવ રહિત કોમ્બેટ એરિયલ વ્હીકલ રુસ્તમ-૨ ની સફળતાપૂર્વક ઉડાન પાર પાડી છે.

આ ઉડાન એટલા માટે મહત્વ રાખે છે કે તે ઉચ્ચ શક્તિ એન્જીન સાથે યુઝર કોન્ફીગ્રેશનમાં પ્રથમ ઉડાન છે.

વર્તમાનમાં ભારત આ પ્રકારના હિંસક ડ્રોનો માટે અમેરિકા અને ઇઝરાયેલ પર નિર્ભર કરે છે.

ડી.આર.ડી.ઓ. ભારતના અંદર એક મધ્યમ ઉંચાઈ વાળા ધીરજ વાળા માનવ રહિત

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

EduSafar

હવાઈ વાહન રુસ્તમ -૨ વિકસિત કરી રહેલ છે.

આમાં ૨૦૦ કિમી પ્રતિ કલાક ગતિથી ૨૪ કલાક ઉડી શકવાની ક્ષમતા છે.

આ વિમાન માત્ર દેખરેખ જ નથી રાખતું પણ દુશ્મનોના હુમલાને ખાળવામાં પણ અતિ ઉપયોગી છે.

ડી.આર.ડી.ઓ.નું મુખ્ય કાર્યાલય નવી દિલ્હી ખાતે આવેલ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨૮/૦૨/૨૦૧૮

### રાષ્ટ્રીય

**રાજસ્થાન રાજ્યમાં ઉમા ભારતીએ સ્વજલ યોજનાના બીજા ચરણ (પરિયોજના) ની શરૂઆત કરી.**

કેન્દ્રીય પેયજલ અને સ્વચ્છતા મંત્રી ઉમા ભારતીએ રાજસ્થાનના ભીંકપુરા ગ્રામમાં સ્વજલ પાયલટ પ્રોજેક્ટ લોન્ચ કરેલ છે.

વર્ષભરમાં દરેક ઘરમાં સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધી કરાવવા માટે આ યોજના શરુ કરવામાં આવી છે.

સાથે-સાથે આ યોજનાથી રોજગારીની તકોનું પણ સર્જન કરશે.

સતત પીવાના પાણીને ઉપલબ્ધ કરાવવા માટે એક આ એક સામુહિક ભાગીદારી વાળો કાર્યક્રમ છે.

આ યોજના અંતર્ગત પરિયોજનાનું ૯૦ ધ્યાન સરકાર દ્વારા રાખવમાં આવશે.

હાલ રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે અને રાજયપાલ તરીકે કલ્યાણસિંહ સેવા આપી રહ્યા છે.

### આંતરરાષ્ટ્રીય

**ફાયનાન્સીયલ એક્શન ટાસ્કફોર્સના ઉપાધ્યક્ષ તરીકે ચીનની પસંદગી કરાઈ.**

ચીન દેશને ફાયનાન્સીયલ એક્શન ટાસ્કફોર્સના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવેલ છે.

આ એક વૈશ્વિક સંસ્થા છે, જે આતંકવાદીઓને નાણાકીય સહાય અને મનીલોન્ડરિંગથી લડવા માટે કાર્યવાહી કરે છે.

પેરિસમાં એફ.એ.ટી.એફ.ની પૂર્ણ બેઠક બાદ ચીનની ચૂંટણી થયેલ.

એફ.એ.ટી.એફ.માટે ચીનની પસંદગી મહત્વપૂર્ણ માનવામાં આવેલ છે.

કારણ કે જુન ૨૦૧૮ માં પાકિસ્તાનને એફ.એ.ટી.એફ.ની ગ્રે. સૂચિમાં રાખવામાં

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આવેલ છે.

ગ્રે સૂચિમાં ટાસ્કફોર્સના ઉદેશ્યોને લાગુ નહિ કરવા માટે સ્કૈનરના અંતર્ગત દેશને રાખવામાં આવે છે.

## રમત-જગત

**એમ.સી. મૈરી કોમ અને સીમા પુનિયાએ સ્ટંડેજા મેમોરીયલ બોક્સિંગ ટુર્નામેન્ટમાં રજતપદક જીત્યો.**

બલ્ગેરિયાના સોફિયામાં ૬૯ માં સ્ટંડેજા મેમોરીયલ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ફાઈનલમાં હર બાદ ભારતીય મહિલા ખેલાડી સીમા પુનિયા અને એમ.સી. મેરીકોમેં રજતપદક જીતેલ છે.

જોકે મેરીકોમે બલ્ગેરિયન સેવાદા અર્સનમાં ૪૮ કિલોગ્રામ મુકાબલામાં હાર સહન કરેલ.જયારે સીમાએ રશિયાનની ખેલાડી અન્નાં ઈવાનોવામાં ૮૧ કિલોગ્રામ ફાઈનલમાં પ્રવેશ મેળવેલ.

યુરોપની સૌથી જૂની ટુર્નામેન્ટમાં કુલ મેળવીને ભારતીય મહિલા ખેલાડીઓએ બે રજત અને ચાર કાંસ્ય પદક જીતેલ છે.

ભારતીય બોક્સર વિકાસકૃષ્ણએ સયુંકત રાજ્ય અમેરિકાના ટ્રોય ઈસ્લેને પરાજિત કરી સુવર્ણપદાકનો દાવો કરેલ.

વિકાસને આ સમારોહના સર્વશ્રેષ્ઠ બોક્સર જાહેર કરવામાં આવેલ.તે એક ભારતીય માટે પ્રથમ છે.

## અન્ય

**ટીવી પત્રકાર રાહુલ મહાજન રાજ્યસભાના ટીવી એડિટર ઈન ચીફ તરીકે નિયુક્તિ પામ્યા.**

ટેલીવિઝન પત્રકાર રાહુલ મહાજનને ટેલીવિઝન ચેનલ રાજયસભા ટીવીના એડિટર ઈન ચીફના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

પ્રસાર ભારતીના અધ્યક્ષ એ.સુર્ય પ્રકાશની અધ્યક્ષતા વાળી પાંચ સદસ્યીય પસંદગી સમિતિએ તેમના નામની ભલામણ કરી હતી.

આ ભલામણને ધ્યાને લઈને ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ.વૈંક્યા નાયડુએ તેમના નામને મંજુરી આપી દીધેલ છે.

આ સમિતિમાં સ્વપ્રદાસ ગુપ્તા, શશી શેખર વ્યાપતી અને પી.પી.કે. રામાચાર્ય તથા

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

રાહુલ શ્રીવાસ્તવ પણ સામેલ હતા.

હાલના રાજ્યસભાના અધ્યક્ષ તરીકે એમ વેંક્યાનાયડુ સેવા આપી રહ્યા છે.(દેશના ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ ગણાય છે.)

## સમીક્ષા, તારીખ ૨૮/૦૨ /૨૦૧૮

### નવી દિલ્હીમાં ભારત – કોરિયા વ્યાપાર સંમેલન આયોજિત થયું...

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીમાં આયોજિત થઈ રહેલા ભારત-કોરિયા વ્યાપાર સંમેલનને સંબોધિત કરશે.

આ વર્ષના આ સંમેલનનો વિષય રાખવામાં આવેલ છે, 'ભારત કોરિયા વોપાર અને રોકાણના માધ્યમથી વિશેષ રણનીતિક સંબધોને માપવા.'

આ શિખર સંમેલનનો ઉદેશ્ય બંને દેશો વચ્ચે મુખ્ય વ્યાપાર જગતના નેતાઓ અને સરકારી અધિકારીઓ વચ્ચે મંચ પૂરું પડવું.

એશિયામાં ભારત અને કોરિયા ત્રીજી અને ચૌથી સૌથી મોટી અર્થવ્યસ્થા છે.

ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે બે પ્રકારના વ્યાપારમાં વર્તમાનમાં ૧૭ અરબ ડોલરના છે.

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ તરીકે મુન-જે ઈન સેવા આપી રહ્યા છે, તેની રાજધાની સીઓલ છે.

આ સંમેલનની બંને દેશોના આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો મજબુત બનશે.

## કરંટ અફેર્સ, તારીખ ૧/૩/૨૦૧૮

## રાષ્ટ્રીય

### સમગ્ર દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (એન.એસ.ડી.) દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ મનાવવામાં આવે છે.

આ વર્ષના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો વિષય હતો,સ્થાઈ ભવિષ્ય માટે વિજ્ઞાન અને પ્રધ્યોગીકી.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ રામન અસરની શોધના માટે મનાવવામાં આવે છે.

આ શોધ બદલ સી.વી.રામનને ભૌતિક વિજ્ઞાનનું નોબેલ આપવમાં આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

વર્ષ ૧૯૮૭ માં વિજ્ઞાન પ્રધ્યોગીકી વિભાગ દ્વારા રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરાયેલ.

## આંતરરાષ્ટ્રીય

### ભારતના ત્રણ દિવસના પ્રવાસે જોર્ડનના કિંગ આવ્યા.

જોર્ડનના કિંગ અબ્દુલ્લાહ,બિન અલ-હુસૈન ભારતના ત્રણ દિવસના પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા છે.

કિંગ એક વ્યાપાર પ્રતિનિધિ મંડળ સાથે આવેલા છે.

પોતાની યાત્રા દરમિયાન તેઓ સીઈઓ ભારત-જોર્ડન બિજનેસ ફોરમ બાદ રાઉન્ડ ટેબલમાં ભાગ લેશે.

એસ.આઈ.આર.સંવાદદાતા રીપોર્ટ,અનુસાર દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પશ્ચિમ એશિયાની પોતાની યાત્રા જેમાં ફિલીસ્તાન પણ સામેલ હતું.

જેના ત્રણ સપ્તાહ બાદ જોર્ડન કિંગની યાત્રા આયોજિત થયેલ છે.

આ તકે બંને દેશો વચ્ચે વિભિન્ન ક્ષેત્રમાં એમ.ઓ.યુ. થવાની સંભાવનાઓ રહેલી છે.

## રમત-જગત

### ભારતે સ્ટ્રેન્ડ્જા મેમોરીયલ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ૧૧ પદકો જીત્યા.

બલ્ગેરિયામાં ૬૯ માં સ્ટ્રેન્ડ્જા મેમોરીયલ બોક્સિંગ ટુર્નામેન્ટમાં ભારતે ૧૧ પદકો જીતેલા છે.

આ ટુર્નામેન્ટમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહેવા પામેલ.

સોફિયામાં દેશે ૧૧ મોટા પદક હાંસલ કરેલા, જેમાં પુરુષોએ પાંચ અને મહિલાઓએ છ પદકો જીત્યા છે.

કુલ મેળવીને આ જુથે બે સુવર્ણ, ત્રણ રજત અને છ કાંસ્ય પદક જીતેલા છે.

૭૫ કિલો શ્રેણીમાં સુવર્ણ પદક જીતનાર વિકાસ કૃષ્ણન અહી સર્વશ્રેષ્ઠ બોક્સર જાહેર કરાયા છે.

## અન્ય

### કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ 'ઇન્ડિયા ૨૦૧૮' પુસ્તકનું વિમોચન કર્યું.

સૂચના અને પ્રસારણ મંત્રી સ્મૃતિ ઈરાનીએ (અંગ્રેજી સંસ્કરણ) અને ભારત ૨૦૧૮ (હિન્દી સંસ્કરણ) નું વિમોચન કરેલ છે.

આ પુસ્તકો પ્રકાશન ડીવીઝન દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

પુસ્તકોની બંને પ્રિન્ટ અને ઓનલાઈન સંસ્કરણોમાં પણ ઉપલબ્ધ છે.

આ દેશના વિકાસ માટેના તમામ ચરણો પરનું એક સંપૂર્ણ પ્રકાશન છે.

પોતાના નવીનત સંસ્કરણ સાથે પુસ્તક પ્રકાશન પોતાના ૬૨ માં વર્ષમાં પ્રવેશ કરી ચુક્યું છે.

## સમીક્ષા,તારીખ ૧/૦૩/૨૦૧૭

**ઓનલાઈન વ્યાપાર સેવાઓ માટે કૈથોલિક સીરીયન બેંક અને સેલીબ્રુસ કેપિટલમાં કરાર કરવામાં આવ્યા...**

કૈથોલિક સીરીયન બેંક લીમીટેડ અને સેલીબ્રુસ કેપિટલ લીમીટેડે સી.એસ.બી.ના ગ્રાહકોને ઓનલાઈન વ્યાપાર અને ડીમેટ સેવાઓની રજૂઆત માટે નવી ભાગીદારીની જાહેરાત કરી છે.

આ ભાગીદારીથી બંને સંસ્થાઓના સંબંધો મજબુત બનશે.

આ ભાગીદારીમાં તમામ સી.એસ.બી. ગ્રાહકોને નવા સંશોધન અનુસાર સેલીબ્રુસ પ્લેટફોર્મના માધ્યમથી મુક્ત ડીમેટ ખાતાઓ ખોલવા માટે સક્ષમ બનાવશે.

આ સેવાથી ગ્રાહકો પહેલા કરતા વધારે સેવાઓ આ બેંકની વાપરવા સક્ષમ બનશે.

આ ઉપરાંત ગ્રાહકો એ.એમ.સી.ફીના પસંદગી માટેના રેટનો આનંદ પણ ગ્રાહકો ઉઠાવી શકાશે.

કૈથોલિક સીરીયન બેંકના એમ.ડી. અને સીઈઓ સી.વી.આર. રાજેન્દ્રન છે.

## કરંટ અફેર્સ, તારીખ ૨/૩/૨૦૧૮

## રાષ્ટ્રીય

**ઓડિટરની કામગીરી પર નજર રાખવા કેન્દ્ર સરકાર નવી એજન્સીની રચના કરશે.**

બેંકોના વધતા કૌભાંડ બાદ સરકાર ઓડિટરની કામગીરી પર નજર રાખવા માટે એક એજન્સી રચવાનું વિચારી રહી છે.

કેન્દ્ર સરકાર નેશનલ ફાયનાન્સિયલ રિપોર્ટિંગ ઓથોરીટીને કંપની એક્ટ હેઠળ લાવવાનું વિચારી રહી છે.

આ પગલાથી ચાર્ટર્ડ એકાઉન્ટસ સંસ્થાના કામકાજ પર નજર રાખવા માટેના લઈ રહી છે.

કેબીનેટની ચર્ચા માટે એન.એફ.આર.એ.ના આ પ્રસ્તાવને કોર્પોરેટ મંત્રાલય રાખશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

એવું મનાય છે કે એન.એફ.આર.એ.ની રચના માટે ૧૫ સભ્યોની એક ટીમ બનશે, તેમાં એક અધ્યક્ષની નિયુક્તિ કરાશે.

## આંતરરાષ્ટ્રીય

### દેશના વિકાસ દરે છેલ્લા ત્રણ માસના સમય ગાળામાં ચીન કરતા આગળ દોટ મૂકી.

ચીનને પછાડી ભારત ફરી એકવાર વિશ્વમાં સૌથી ઝડપે વિકાસ સાધનાર દેશ બન્યો છે.

ઓક્ટોબરથી ડીસેમ્બર ૨૦૧૭ ના ત્રિમાસિક સમયગાળામાં ભારતનો વિકાસ દર ૭.૨ ટકા નોંધાયો છે જે ચીનના ૬.૫ ટકા નોંધાયેલા વિકાસ દર કરતા વધારે છે.

ભારતમાં કૃષિ,ઉત્પાદન અને કન્ટ્રકશન અને કેટલીક સારી સર્વિસના કારણે આ વધારો થયો છે.

જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૭ માં ૬.૩ ટકાનો વૃદ્ધિદર વધીને ૬.૫ ટકા કરાયા છે.

આ આંકડાઓ કેન્દ્રીય આંકડાકીય સંસ્થા તરફથી જાહેર કરવામાં આવેલ છે.

## રમત-જગત

### સ્વીત્ઝરલૅન્ડના ટેનીસ સ્ટાર રોજર ફેડરર સૌથી વધારે છ વાર લોરિયસ વર્લ્ડ એવોર્ડ જીતવામાં સફળ રહ્યા.

ટેનિસ ખેલાડી રોજર ફેડરરને ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ 'સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર' તથા 'કમબેક ઓફ ધ યર'નો એવોર્ડ એનાયત કરાયો છે.

ફેડરર પાંચમીવાર પાંચમીવાર વર્લ્ડ સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર બન્યા છે.

અમેરિકાના ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સ સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર બન્યા છે.

ફોર્મ્યુલા-૧ ટીમ મર્સીડીઝને ટીમ ઓફ ધ યરનો ખિતાબ હાંસલ થયો છે.

સ્પેનીશ ગોલ્ફર સર્જિયો ગાર્સિયાને બ્રેક થ્રુ ઓફ ધ યરનો ખિતાબ મળેલ છે.

## અન્ય

### ગુજરાતમાં શિવાનંદ ઝાએ ડીજીપી તરીકે કાર્યભાર સંભાળ્યો.

રાજ્યના ઇન્ચાર્જ ડી.જી.પી. પ્રમોદકુમાર વય મર્યાદાના કારણે ૨૮ ફેબ્રુઆરીએ નિવૃત થયા.

આ જગ્યા ખાલી પડતા રાજ્ય સરકારે શિવાનંદ ઝાની ડી.જી.પી. તરીકે નિમણુંક કરેલ છે.

શિવાનંદ ઝા વર્ષ ૧૯૮૩ ની બેંચના આઈ.પી.એસ. ઓફિસર છે.

શિવાનંદ ઝા ગુજરાત આઈ.બી.નો કાર્યભાર સંભાળી ચુક્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

૨૮ માર્ચ ૨૦૧૮ ના રોજ તેઓએ રાજ્યના ૩૭ માં ડીઝીપી તરીકે ચાર્જ સંભાળેલ છે.

## સમીક્ષા,તારીખ ૦૨/૦૩/૨૦૧૮

### મહારાષ્ટ્રમાં પ્રથમ મેગા ફૂડ પાર્કનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું...

મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રથમવાર મેગા ફૂડ પાર્ક સાતારા મેગા ફૂડ પાર્ક પ્રાઈવેટ લીમીટેડનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

આ પાર્ક દેવાંગ જિલ્લો સતારામાં ખુલ્લો મુકવામાં આવેલ છે.

હરસિમ્રત કૌર બાદલ, કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રીએ તેનું ઉદ્ઘાટન કરેલ છે.

દેશમાં ૧૦ મેગા ફૂડ પાર્કનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

અને હાલની સરકારના કાર્યકાળ દરમિયાન આ ૮ મુ સંચાલન છે.

સતારામાં મેગા ફૂડ પાર્કને ૧૩૯.૩૦ કરોડ રૂપિયાના ખર્ચે ૬૪ એકર વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવેલ છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ તથા ત્યાંના રાજ્યપાલ તરીકે સી.વી.રાવ સેવા આપી રહ્યા છે.

EduSafar

**નમસ્કાર મિત્રો,**

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઇ રહ્યા છો,

આ કરંટ અફેર્સના ગુજરાતી વિડીયો પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે અન્ય જીકે પણ સમાવવાનો પ્રયાસ પરેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ સબસ્ક્રાઈબ ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.

આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો. પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઇ શકો.

આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.

આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.

એજ્યુસફર પરિવાર

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

અથવા




આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.

www.edusafar.com

કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે YouTube પર જઈ, EduSafar લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.

EduSafar